

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્માના શીતળા સાતમે દર્શનાર્થીઓનું ઘોડાપુર

ખેડબ્રહ્માના અંબાજી હાઈવે સ્થિત શીતળા માતાજીના મંદિરે દર્શનાર્થીઓનું ઘોડાપુર ઉમટ્યું હતું. ખેડબ્રહ્માના શીતળામાતાજીના મંદિર દર્શન માટે ખેડબ્રહ્મા શહેર અને ગામડા ભક્તોની ભીડ જામી હતી. સવારથી જ દર્શનાર્થીઓની મંદિર ભીડ જોવા મળતી હતી. ખેડબ્રહ્માના જશવંતલાલ શંકરલાલ રાવલ તરફથી મંદિરને એક બોર કૂવો અને ઓવરહેડ ટાંકી બનાવી સેવામાં અર્પણ કરી હતી. દર્શનાર્થીઓની વ્યવસ્થા જાળવવામાટે રેવાભાઈ પટેલ, નટવરભાઈ પટેલ, નવનીતભાઈ પટેલ અને પ્રવિણસિંહ રાઠોડે ભારે જહેમત ઉઠાવી હતી.

# હિંમતનગર ખાતે ખિલખિલાટ વાનનું લોકાર્પણ



હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લા હિંમતનગર ખાતે આજે ખિલખિલાટ વાનનું લોકાર્પણનો કાર્યક્રમ જિલ્લા કલેકટર બંછાનિધિ પાની અને જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન .એમના અધ્યક્ષતામાં યોજાયો હતો.

રાજય સરકારના સ્વસ્થ ગુજરાતના અભિગમથી જિલ્લાના આરોગ્ય ધામમાં અધતન સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. ઉપરાંત રાજય સરકાર ધ્વારા ગુજરાતની આવતીકાલને વધુ સ્વસ્થ બનાવવા અને માતા મૃત્યુદર તેમજ બાળ મૃત્યુદર ઘટાડવા માટે ૧૦૮ની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. પરંતુ હવે જન્મેલા બાળકોને દવાખાનેથી પોતાના ઘર સુધી બાળક હસતું ખિલતું જાય તેવી સગવડવાળુ ખિલખિલાટ વાનની સુવિધા ઉપલ્બધ કરાવવામાં આવ્યા છે. જેનું લોકાર્પણ જિલ્લા કલેકટર બંછાનિધિ પાની અને જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન.એમ તથા અન્ય મહાનુભવોની ઉપસથિતિમાં કરવામાં આવ્યુ હતું

આ -સંગે કલેકટર બંછાનિધિ પાનીએ જણાવ્યે હતુ કે, તબિબ અને શિક્ષક ભગવાનનું રૂપ છે. ત્યારે ડૉકટરોએ દર્દીઓની સારવાર અને સેવામાં નિષ્ઠાથી કામ કરવું જોઈએ આરોગ્ય સેવાને વધુ સદ્રઢ બનતા ગુજરાતની આવતી કાલ વધુ સ્વસ્થ બનશે. ખિલખિલાટ વાનથી જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરીવારોને નિઃશુલ્ક ધોરણે સેવા આપતા આર્થિક રીતે હવે બોજ કરવાનો રહેશે નહિ. આ વાનમાં લઈ જતા માતાઓને બાળકનું સ્વાસ્થ જળવાઈ રહે તે માટે ન્યુટ્રેશનકીટ પણ આપવામાં આવે છે

આ -સંગે જિલ્લા આરોગ્ય અધિકારી મનીષ ફેન્સી, સિવિલ સર્જન ઉપેરીયા, ડૉ. પરીખ, આર.એમ.ઓ ડૉ. નાગોરી સહિત સામુહિક આરોગ્ય ખાતાના અધિકારીઓ/કર્મચારીગણ તથા શહેરના નગરજનો ઉપસિથત રહયા હતા.

# હિંમતનગર પાસેના ગામડા સિટી બસ સેવાથી જોડાયા

હિંમતનગર, તા. ૨૭

હિંમતનગર આસપાસમાં આવતા ગામોનો શહેરી વિકાસમાં સમાવેશ કરી કલેકટર દ્વારા હુડાનું જાહેરનામું -સિધ્ધ થયા બાદ આવા ગામોને સીટી બસનો લાભ મળી રહે તે અંગે પાલિકાએ નિર્ણય કરી તે વિસ્તારમાં સીટી બસ સેવાનો -રંભ કરાવ્યો હતો. પાલિકા -મુખે પરબડા ગામે લીલી ઝંડી બતાવી બસ સેવાનો શુભારંભ કરાવ્યો હતો.



હિંમતનગર પાલિકા સીટી બસનું સંચાલન પહેલા માત્ર શહેરીજનો પુરતું કરાતું હતું શહેરને અડીને આવેલા ગામોને આ બસ સુવાનો કોઈ લાભ મળતો ન હતો હવે હિંમતનગર આસપાસના પરબડા, સવગઢ, બળવંતપુરા, કાંકણોલ, બાટવાડ, હાજીપુર અને નવા ગામોનો શહેરીવિકાસ વિભાગે પાલિકા હસ્તક સમાવવા હુડામાં સમાવેશ કરતા બસ સેવા નો પાલિકા દ્વારા -રંભ કરવામાં આવ્યો છે. પરબડા ગામે પાલિકા -મુખ શંકરભાઈ કહારે લીલી ઝંડી આપી શુભારંભ કરાવ્યો હતો. આ -સંગે વિરોધપક્ષના નેતા ઈશાક શેખ, સરપંચ બી.આર. બજાત, ઉપસરંચ દાઉદભાઈ વિજાપુરા તલાટી કમમંત્રી પાંડવ સહિત અગ્રણિઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# પ્રાંતિજના અમલાની મુવાડા ગામે શેઢાના ખેડાણ બાબતે ધીંગાણું

## બે વ્યકિતઓને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે મોકલી પોલીસે તપાસ હાથ ધરી

પ્રાંતિજ, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અમલાની મુવાડા ગામે ખેતરના શેઢા બાબતે લાકડીઓ અને ધારીયા ઉછળતા એક મહિલા અને પુરુષને ગંભીર ઈજાઓ પહોંચતા ચકચાર મચી જવા પામી હતી. આ ધીંગાણા બાબતે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના અમલાની મુવાડામાં મોટા ભાગે ક્ષત્રિય સમાજના નાગરિકો રહે છે જયારે ગત રોજ આજ ગામે ખેતરના શેઢાના ખેડાણ ધારણ કરવા બાબતે બાજુના ખેતરના કનુસિંહ અને કેશરીસિંહ ઝાલા વગેરે શખ્સોએ શેઢા ખેડાણ મામલે શંકરસિંહ અને તેમની સાથી મહિલા સાથે ઉગ્ર બોલાચાલી કરતા મામલો બિચકયો હતો. જેથી ભારે ધીંગાણું થતા ધારીયા અને લાકડીઓ ઉછળી હતી અને શંકરસિંહ તેમજ એક મહિલાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. બંને ઈજાગ્રસ્તોને લોહી લુહાણ હાલતમાં પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી અપાયા હતા. ઈજાગ્રસ્ત શંકરસિંહની ફરિયાદના આધારે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભિલોડા તાલુકાના બામણા ગામમાં તસ્કરો ત્રાટકયા

ભિલોડા, તા.૨૭

ભિલોડા તાલુકાના બામણા ગામમાં તસ્કરો ત્રાટકયા. રૂા.૨૧,૬૬૫/-ની માલમત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા. આ ચોરીની ઘટના સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ગુનો દર્જ કરાયો છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી. એસ. ઓ. મગનલાલ નિનામાના જણાવ્યા મુજબ તા.૨૭/૮/૨૦૧૩ના રોજ મધ્યરાત્રે ૧:૩૦ થી ૪:૦૦ વાગ્યાના અરસામાં બામણા દુધ ઉત્પાદક સેવા સહકારી મંડળીના મકાનના તાળા તોડી તસ્કરોએ મકાનમાંપ્રવેશ કરી ટેબલના ખાનામાં રાખેલ રૂા.૧૧,૪૯૦/- રોકડા, અમુલ ઘીના ૫૦૦ ગ્રામના પાઉચ નંગ.૪૫ જેની કિંમત રૂા. ૭,૧૭૫/- મળી કુલ રૂા.૧૮,૬૬૫/-છે. બામણા ગામમાં આવેલ શ્રી ગણપતી મંદીર, શ્રી વેરાઈ માતાના મંદીરની દાન પેટી તોડી પરચુરણની અંદાજીત રકમ રૂા. ૩૦૦૦/-મળી કુલ માલમત્તાની રકમ રૂા.૨૧,૬૬૫/-ની ચોરી કરી બામણા ગામમાંથી તસ્કરો પલાયન થઈ ગયા હતા. બામણા ગામમાં ચોરીની ઘટના સંદર્ભે દિલીપકુમાર ગૌરીશંકર ભટ્ટ ધ્વારા ભિલોડા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે. ભિલોડા પી.એસ.આઈ. વી. યુ. ચાવડા વધુ તપાસ ચલાવી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

# હાજીપુર ગામ પાસે કારની ટક્કરે યુવાનનું મોત

હિંમતનગર, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર-અમદાવાદ માર્ગ પર આવેલ હાજીપુર ગામ પાસે મંગળવારે રોડ ક્રોસ કરતા યુવાનને કારે ટકકર મારી મોત નિપજાવી નાસી ગયેલ આ અંગે હિંમતનગર ટાઉન મથકે મૃતક યુવાનના પિતાએ ફરિયાદ નોંધાવી હતી.

વિગત મુજબ ભિલોડા તાલુકાના વીરપુર ગામનો અને હિંમતનગરના હાજીપુર ગામ પાસે આવેલ તુલસી હોટલમાં નોકરી કરતી ૨૦ વર્ષીય સુભાષભાઈ મંગુભાઈ ખરાડી મંગળવારે સવારે ૮.૩૦ વાગેના સુમારે હોટલથી સામે રોડ ક્રોસ કરી જઈ રહ્યો હતો ત્યારે અમદાવાદ તરફથી હિંમતનગર તરફ આવી રહેલ કાર નંબર સીડી-૬૫૬૧ના ચાલકે કાર પુરઝડપે હંકારી રોડ ક્રોસ કરતા સુભાષભાઈને ટકકર મારી ગંભીર ઈજા પહોંચાડી સ્થળ પર મોત નિપજાવી નાસી ગયેલ હતો. આ અંગે યુવાન મૃતકના પિતા મંગુભાઈ ખરાડીની ફરિયાદના આધારે હિંમતનગર ટાઉન પોલીસ મથકે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# ખેડબ્રહ્મા સીટીસર્વે કચેરીનો સનદ બનાવવામાં છબરડો

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્માની સીટીસર્વે કચેરી દ્વારા માલિકીની જમીનમાં માર્ગ લખી નાખવાનો છબરડો વાળ્યો છે. જે બહાર આવતા ચકચાર મચી જવા પામી છે. જમીનના માલિક અને માર્ગની બાજુની સોસાયટીના રહીશો વચ્ચે મોટો વિવાદ ઊભો થયો છે. અને સીટીસર્વેની અધિકૃત સનદ સાચી કે રચેલીનો ખુલાસો સાચો તે માટે કાનૂની એંધાણ વરતાઈ રહ્યા છે.

૩૫ વર્ષ અગાઉ મિલકતોનું પ્રમોલગેરપી કરી તેની ચકાસણી કરી હકદાવાને ધ્યાનમાં લઈ મિલકત ધારકોને સીટીસર્વે દ્વારા અધિકૃત કરી નવી સનદો આપવામાં આવી હતી. જેમાં સ્ટેશન વિસ્તારમાં સીટી નંબર-૨૮ના સીટીસર્વે નંબર ૨૨૧૭ની માર્ગ દર્શાવતી અધિકૃત સનદ આપવામાં આવી હતી. આ સીટીસર્વે નંબર ૨૨૧૭ની પશ્ચિમ બાજુ પુષ્પકુંજ સોસાયટી છે. જ્યાં નગરપાલિકાની મંજૂરી સાથે હાઈસ્કુલ દ્વારા બાંધકામ શરૂ તતાં વિવાદ બનતાં આ છબરડો બહાર આવેલ છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસાથી છેલ્લા સાતર્વષથી બિલાડા મુકામે આઈમાતાના ધામમાં ચાલતો પગપાળા યાત્રા સંઘના તા.૨૭/૮/૨૦૧૩ ના રોજ ડીસા જલારામ મંદિરથી રવાના થયેલ જેમાં સાયલા પરિવારના તથા સમાજના ભાઈઓએ આ પગપાળા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ સંઘ તા.૬/૯/૧૩ ના રોજ રાત્રે બિલાડા મુકામે પહોચે છે. આ સંઘમાં ૩૮ જેટલા સાયલા પિવાર તથા આઈમાતાના ભક્તો સંઘમાં જોડાયા હતા. આ સંઘને પ્રસ્થાન વખતે કનુભાઈ, પ્રકાશ આર. ઠકકર, પાટણથી લાલેશભાઈ, લોહાણા સમાજના તંત્રી સેવંતીલાલ, લોહાણા યુવક મંડળના કારોબાી સભ્ય આર.જી. ઠકકર, જે.ડી. ઠકકર, નરેશકુમાર ઠકકર બેચરાજી , લોહાણા સમાજના પૂર્વતંત્રી ચંદુલાલ આર. ઠકકરે માતાના રથને ફૂલહાર, પ્રસાદી કરી સંઘનું સન્માન કરેલ હતું. આ પ્રસંગે સાયલા પરિવારના ઉત્તમીજનો તથા ડીસાના નામી-અનામી તથા ડીસાના તમામ પત્રકાર મિત્રો હાજર રહી આ સંઘને શુભેચ્છા પાઠવી હતી.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| તલોદ | | |
|---|---|---|
| એરંડા | ૬૧૦ | ૭૨૧ |
| ઘઉં | ૩૦૮ | ૩૫૧ |
| બાજરી | ૨૨૦ | ૨૯૮ |
| ગવાર | ૯૫૦ | ૧૧૧૭ |

| સલાલ | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૭૦૦ |
| એરંડા | ૩૧૦ | ૩૫૦ |
| બાજરી | ૨૧૫ | ૨૭૫ |
| ડાંગર જ્યા | ૩૧૦ | ૩૪૫ |

| પ્રાંતિજ | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૭૦૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૦ |
| બાજરી | ૨૦૦ | ૨૭૫ |
| ડાંગર જ્યા | ૩૧૦ | ૩૪૬ |

| ધનસુરા | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૦૫ |
| મકાઈ | ૩૨૦ | ૩૩૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૫ |
| ગવાર | ૯૫૦ | ૧૦૫૦ |

| ખેડબ્રહ્મા | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૧ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૩૦ |
| મકાઈ | ૨૯૫ | ૨૯૯ |
| એરંડા | ૭૧૫ | ૭૧૯ |

| મોડાસા | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૨૫ |
| બાજરી | ૨૫૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| ગવાર | ૮૦૦ | ૧૧૨૧ |

| ટીંટોઈ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૨૨ |
| મગફળી | ૬૦૦ | ૬૮૦ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | ૨૫૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૦ |
| ડાંગર | ૨૬૦ | ૩૦૦ |
| એરંડા | ૬૯૦ | ૬૯૮ |
| ગવાર | ૮૪૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૫ |
| તુવેર | ૫૨૫ | ૬૧૦ |
| જુવાર | ૨૫૦ | ૩૭૦ |
| રાયડો | ૫૨૫ | ૫૭૫ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૪૦ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૧૫ |
| ડાંગર | ૨૫૫ | ૨૯૦ |
| એરંડા | ૬૮૫ | ૬૯૫ |
| ગવાર | ૮૩૦ | ૯૫૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૦૦ |
| જુવાર | ૨૪૦ | ૩૬૦ |
| રાયડો | ૫૨૦ | ૫૭૦ |

| હિંમતનગર | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૬૯૧ |
| એરંડા | ૭૨૧ | ૭૩૧ |
| બાજરી | ૩૧૫ | ૩૮૭ |
| મકાઈ | ૨૮૫ | ૩૧૦ |
| ગવાર | ૯૫૦ | ૧૦૫૦ |

| ઈડર | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૫૦ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| એરંડા | ૭૧૫ | ૭૨૬ |
| બાજરી | ૨૫૦ | ૨૮૦ |
| મગફળી | ૬૫૦ | ૭૧૧ |
| તલ | ૧૪૫૦ | ૧૭૫૦ |
| ગવાર | ૯૫૦ | ૧૦૧૦ |

| કડી | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૫૧ |
| બાજરી | ૨૫૦ | ૨૫૬ |
| મઠ | ૧૦૦૦ | ૧૧૨૧ |
| એરંડા | ૭૦૮ | ૭૧૪ |
| રાયડો | ૬૦૦ | - |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| રાયડો | ૬૧૨ | ૬૩૨ |
| એરંડા | ૬૯૭ | ૭૩૭ |
| ગવાર | ૯૭૩ | ૧૧૫૧ |
| ઘઉં | ૩૦૫ | ૩૭૨ |
| બાજરી | ૧૬૦ | ૨૯૫ |
| જુવાર | ૩૦૦ | ૯૦૦ |

| વિસનગર | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૦૦ | ૨૮૬ |
| રાયડો | ૫૮૬ | ૬૨૫ |
| એરંડા | ૭૦૦ | ૭૪૦.૫૦ |
| જુવાર | ૨૨૨ | ૮૦૦ |
| જવ | ૨૬૫ | - |
| ગવાર | ૮૯૨ | ૧૦૯૮ |
| રજકાના બી | ૧૧૦૦ | ૨૫૫૦ |

| મહેસાણા | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૨૪ |
| રાયડો | ૫૯૬ | ૬૧૪ |
| બાજરી | ૨૬૫ | ૨૯૦ |
| એરંડા | ૭૦૫ | ૭૨૫ |
| ગવાર | ૧૦૯૯ | |
| રજકાબી | ૧૯૭૦ | ૨૬૯૫ |

| આંબલીયાસણ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૪ | - |
| બાજરી | ૨૪૫ | ૨૬૦ |
| રાયડો | ૬૧૫ | ૬૨૦ |
| એરંડા | ૭૧૨ | ૭૨૦ |

| જોટાણા | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૦ | ૩૨૪ |
| એરંડા | ૭૧૦ | ૭૧૫ |
| રાયડો | ૬૧૭ | - |

| પાટણ | | |
|---|---|---|
| જીરૂ | ૨૧૦૦ | ૨૪૧૬ |
| વરીયાળી | ૮૫૦ | ૯૫૧ |
| રાયડો | ૫૫૦ | ૬૨૧ |
| એરંડા | ૭૦૫ | ૭૩૮ |
| ઘઉં | ૩૦૨ | ૩૫૨ |
| બાજરી | ૨૫૦ | ૨૮૬ |
| ગવાર | ૯૯૮ | ૧૧૨૮ |

| કલોલ | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૫૫ |
| એરંડા | ૭૧૨ | ૭૨૬ |
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| ડાંગર | ૨૬૦ | ૩૧૦ |
| ગવાર | ૧૦૨૬ | ૧૦૯૫ |
| જુવાર | ૩૯૦ | - |



| બાયડ | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૭૦૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૫ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| ગવાર | ૯૦૦ | ૧૦૦૦ |

| ઉંઝા | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૯૦ | ૨૭૭૧ |
| વરીયાળી | ૧૦૦૦ | ૨૦૫૦ |
| ઈસબગુલ | ૧૦૦૦ | ૧૩૬૮ |
| સરસવ | ૬૨૧ | ૬૮૦ |
| રાયડો | ૫૦૦ | ૬૫૧ |
| મેથી | ૫૫૫ | - |
| તલ | ૧૮૯૧ | ૨૪૧૫ |

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૬૦ | ૨૪૦ |
| બટાટા ડીસા | ૧૮૦ | ૨૬૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૮૦૦ | ૮૫૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૭૫૦ | ૯૦૦ |
| રીંગણ | ૧૬૦ | ૨૪૦ |
| રવૈયા | ૧૬૦ | ૩૦૦ |
| કોબીજ | ૨૪૦ | ૩૬૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૪૦ |
| ટામેટા પાકા | ૨૪૦ | ૩૬૦ |
| દૂધી | ૮૦ | ૨૦૦ |
| કાકડી | ૧૦૦ | ૨૪૦ |
| ગીલોડા | ૨૦૦ | ૫૦૦ |
| મરચાં દેશી | ૧૪૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૬૦ |
| આદુ | ૯૦૦ | ૧૩૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૪૦ |
| ગાજર | ૨૪૦ | ૩૨૦ |
| મરચા ધોલાર | ૮૦૦ | ૧૧૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૧૬૦ | ૩૦૦ |
| ભીંડા | ૧૦૦ | ૨૪૦ |
| ગવાર | ૧૬૦ | ૩૦૦ |
| ચોળી | ૭૦ | ૨૦૦ |
| ગલકા | ૫૦ | ૧૦૦ |
| તુરીયા | ૧૦૦ | ૨૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૧૦૦ |

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેકટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન